હોકી વર્લ્ડકપ : ઈંગ્લેન્ડ સામે ડ્રો રમી ભારતીય મહિલા ટીમ બીજા રાઉન્ડમાં

પાસિંગ, બોલ કંટ્રોલ, પેનલ્ટી કોર્નર અને ડિફેન્સ દરેક પાસામાં ભારતીય ટીમની નબળાઈઓ સ્પષ્ટ થઇ

એમસ્ટેલવીન, તા. 20 (પીટીઆઈ) : ભારતીય મહિલા હોકી ટીમની બંને ગોલકીપરે 12 પેનલ્ટી કોર્નર બચાવીને ઈંગ્લેન્ડ સામેની છેલ્લી પૂલ મેચ ગોલરહિત ડ્રો કરાવવા બદલ પ્રશંસાને પાત્ર છે. આ ડ્રોથી ભારતીય ટીમ FIH વર્લ્ડકપના બીજા રાઉન્ડમાં પહોંચી છે. ભારતીય ખેલાડીઓએ ત્રીજા ક્વાર્ટરમાં જ પાંચ પેનલ્ટી કોર્નર ગુમાવ્યા અને 300 થી વધુ મેચ રમી ચૂકેલી ગોલકીપર સવિતા પુનિયાનો અનુભવ કામમાં આવ્યો.

અંતિમ વ્હિસલ વાગવાના 30 સેકન્ડ પહેલા, ગોલકીપર બિચ્છુ દેવીએ ગોલ બચાવવા માટે ડાબી બાજુ ડાઇવ મારીને ભારતને આગળના રાઉન્ડમાં લઈ ગઇ હતી. ભારતને બીજા રાઉન્ડમાં પહોંચવા માટે આ મેચમાં ફક્ત ડ્રો કરવાની જરૂર હતી પરંતુ ઘણી તકો બનાવવા છતાં, ભારતીય ખેલાડીઓ ગોલ કરી શક્યા નહીં. પાસિંગ, બોલ કંટ્રોલ, પેનલ્ટી કોર્નર બનાવટ અને ડિફેન્સ દરેક પાસામાં નબળાઈઓ સ્પષ્ટ થઇ હતી. ભારતે મેચમાં છ પેનલ્ટી કોર્નર મેળવ્યા હતા, પરંતુ દીપિકા અને નવનીત, જેઓ ટુર્નામેન્ટ પહેલા ઉત્તમ ફોર્મમાં હતા, તેનો લાભ લેવામાં નિષ્ફળ ગયા. ચીને અગાઉની મેચમાં દક્ષિણ આફ્રિકાને 5-1થી હરાવીને પૂલ Dમાં ટોચનું સ્થાન મેળવ્યું હતું. ભારતે તેમની ત્રણ મેચમાંથી એક જીતી અને બે ડ્રો કરીને બીજા સ્થાને રહી હતી.

હોકી વર્લ્ડકપ : પોઇન્ટ અહેડ નિયમથી ભારત માટે સેમીમાં પહોંચવું મુશ્કેલ

બીજા રાઉન્ડ માટેના પુલમાં ઈંગ્લેન્ડના ત્રણ જ્યારે ભારતના શૂન્ય પોઇન્ટ, ભારતના જ પુલમાં નેધરલેન્ડ પણ સામેલ

સેમી ફાઇનલમાં જવા માટે પુલમા સામેલ ઈંગ્લેન્ડ સિવાયની બે ટીમ સામે રમવાની બંને મેચ ભારતે જીતવી પડશે

એમસ્ટલવીન, તા. 20 : ભારતીય હોકી ટીમ વર્લ્ડકપ 2026 ના બીજા રાઉન્ડમાં પહોંચી ગઈ છે. ટીમે પૂલ ડીની છેલ્લી મેચમાં પાકિસ્તાન સામે 5-3 થી જીત મેળવી હતી. આ જીત સાથે ભારતને 3 મેચમાં 6 પોઈન્ટ સાથે બીજા ક્રમે રહ્યું હતુ જ્યારે ઈંગ્લેન્ડની ટીમે પૂલ ડી માં 9 પોઈન્ટ સાથે ટોચનું સ્થાન પણ મેળવ્યું છે. ટીમે 3 માંથી 3 મેચ જીતીને 16 પોઈન્ટ મેળવ્યા છે. બીજા રાઉન્ડમાં, ભારત અને ઈંગ્લેન્ડની ટીમો એક જ ગ્રુપમાં છે. આ ઉપરાંત, નેધરલેન્ડ્સનું આ પૂલમાં આવવાનું નિશ્ચિત છે. તે જ સમયે, આર્જેન્ટિના અને ન્યુઝીલેન્ડમાંથી એક ટીમ પહોંચશે.

ઈંગ્લેન્ડ ત્રણ પોઈન્ટ સાથે આગળના રાઉન્ડમાં પહોંચ્યું. તેમણે પહેલા રાઉન્ડમાં ભારતને 4-2થી હરાવ્યું . બીજી તરફ, ભારતના શૂન્ય પોઈન્ટ છે. ભારત અને ઈંગ્લેન્ડ આગામી રાઉન્ડમાં એક જ પૂલમાં છે, પરંતુ તેઓ એકબીજાનો સામનો કરશે નહીં. પહેલા રાઉન્ડની મેચોના પોઈન્ટ આગામી રાઉન્ડમાં આગળ વધે છે. ભારતે ફક્ત બે મેચ રમવાની રહેશે. સેમિફાઈનલમાં જવા માટે, ભારતે બંને મેચ જીતવી પડશે. આ અન્ય મેચોના પરિણામો પર પણ નિર્ભર રહેશે.

ભારતીય હોકી ટીમ માટે નેધરલેન્ડ્સ સૌથી મુશ્કેલ પડકાર રહેશે . નેધરલેન્ડ્સ 2024 ઓલિમ્પિક સુવર્ણ ચંદ્રક વિજેતા છે. તેઓ બે વાર ફાઈનલમાં પણ રમ્યા છે અને છેલ્લા ચાર વર્લ્ડ કપમાં બે વાર ત્રીજા સ્થાને રહ્યા છે. તેમની પાસે ત્રણ વર્લ્ડ કપ ટાઇટલ પણ છે. પ્રથમ રાઉન્ડથી બીજા રાઉન્ડમાં આગળ વધતી બંને ટીમોએ મેળવેલા પોઈન્ટ બીજા રાઉન્ડમાં પણ ગણાય છે. નેધરલેન્ડ્સે આર્જેન્ટિના અને ન્યુઝીલેન્ડ બંનેને હરાવ્યા હતા. જો આમાંથી કોઈપણ ટીમ બીજા રાઉન્ડમાં આગળ વધે છે, તો નેધરલેન્ડ્સ આપમેળે ત્રણ પોઈન્ટ સાથે આગળ વધશે. આ જ કારણ છે કે ટીમ ઈન્ડિયા બીજા રાઉન્ડમાં તેની બંને મેચ જીતશે તો જ સેમિફાઈનલ માટે ક્વોલિફાય થશે. ભારતનો ગોલ તફાવત પણ -2 છે, તેથી ટીમને મોટી જીતની જરૂર પડશે.

ઈન્ફેન્ટિનોના રાજીનામાની માગ સાથે ગ્લોબલ પિટિશન શરૂ થઈ

વિશ્વભરના સોકર ફેન દ્વારા ફિફા વર્લ્ડ કપના 'વિશ્વાસઘાત' બદલ આ પિટિશન શરૂ કરવામાં આવી

જીનિવા, તા. 20 (AP) : વિશ્વભરના સોકર ફેન ગ્રૂપના એક સમૂહે આજે ગુરુવારે જિઆની ઈન્ફેન્ટિનો પાસે ફિફાના પ્રમુખ પદેથી રાજીનામું આપવાની માગ કરતી એક પિટિશન શરૂ કરી છે. ઈન્ફેન્ટિનોએ ભવિષ્યના વર્લ્ડકપના નફાને ખાનગી રોકાણકારોને વેચવાનો પ્રયાસ કર્યા બાદ આ વિરોધ ઊભો થયો છે.

»InfantinOut હેશટેગ સાથેની આ અરજીમાં એવી પણ માંગ કરવામાં આવી છે કે ફિફાનું પુનર્ગઠન કરવામાં આવે જેથી કરીને આવી શરમજનક સ્થિતિ ભવિષ્યમાં ક્યારેય ફરી ન સર્જાય. ભારે વિરોધ બાદ પડતો મૂકાયેલા ઈન્ફેન્ટિનોના કમર્શિયલ સ્પિનઓફ પ્લાન અંગે પિટિશનમાં જણાવાયું છે કે, એક વ્યક્તિ ખુદ ફિફા પ્રમુખ દ્વારા વર્લ્ડ કપને ખાનગી રોકાણકારોને વેચી દેવાનો શરમજનક પ્રયાસ એવો વિશ્વાસઘાત છે જેને ફૂટબોલ ક્યારેય ભૂલશે નહીં. આ ફેન ગ્રૂપમાં ફૂટબોલ સપોર્ટર્સ યુરોપ, ફૂટબોલ સપોર્ટર્સ આફ્રિકા અને નોર્થ અમેરિકાનું ઈન્ડિપેન્ડન્ટ સપોર્ટર્સ કાઉન્સિલ ઉપરાંત વિશ્વભરના લગભગ 40 રાષ્ટ્રીય ફેન ગ્રૂપ સામેલ છે.

ફેન પિટિશનમાં જણાવાયું છે કે, જિઆની ઈન્ફેન્ટિનોએ નેતૃત્વની ગંભીર નિષ્ફળતા દર્શાવી છે, જે લોકશાહી શાસન સાથે સુસંગત નથી. ફિફા પ્રમુખપદની આસપાસ સત્તાનું કેન્દ્રીકરણ, અપારદર્શક નિર્ણયો, વ્યક્તિગત સ્વાર્થ અને શૂન્ય જવાબદારીએ વિશ્વ સંચાલક મંડળમાં બાકી રહેલો વિશ્વાસ પણ નાશ કર્યો છે.

પાકિસ્તાન સામેની પ્રથમ ટેસ્ટમાં ઈંગ્લેન્ડે પ્રભુત્વ જમાવ્યું

રોબિન્સન અને ટંગની 5-5 વિકેટની મદદથી ઈંગ્લેન્ડે પાકિસ્તાનનો પ્રથમ દાવમાં 171 રનમાં વિંટો વાળ્યો

જો રૂટ અને જોર્ડન કોક્સની અર્ધસદીની મદદથી ઈંગ્લેન્ડે બીજા દિવસે ટી બ્રેક સુધીમાં ચાર વિકેટે 239 રન બનાવી લીધા

ઇંગ્લેન્ડની ધરતી પર ટેસ્ટ સીરિઝના પહેલા બોલ પર વિકેટ લેનારો રોબિન્સન પહેલો બોલર બન્યો

ટેસ્ટના ઇતિહાસમાં પહેલા બોલ પર વિકેટ પડવાની 36મી અને સીરિઝના પહેલા બોલ પર વિકેટની 11મી ઘટના

લીડ્સ તા. 20 : ઈંગ્લેન્ડના 'બેઝબોલ' યુગ પછીના નવા તબક્કાની ઉત્સાહજનક શરૂઆત થઈ છે. અહીં હેડિંગ્લી ખાતે પાકિસ્તાન સામેની પ્રથમ ટેસ્ટના પ્રથમ દિવસે જ ફાસ્ટ બોલરો ઓલી રોબિન્સન અને જોશ ટંગે 5-5 વિકેટો ઝડપીને પ્રવાસી ટીમના બેટિંગ ઓર્ડરને ધ્વસ્ત કરતાં પાકિસ્તાનની ટીમ 117-3ના સ્કોરથી ગબડીને માત્ર 171 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. જવાબમાં ઈંગ્લેન્ડે આજે બીજા દિવસે ટી બ્રેક સુધીમાં ચાર વિકેટે 239 રન બનાવીને 68 રનની સરસાઈ મેળવી લીધી છે. બ્રેક સમયે હેરી બ્રુક 15 અને ડેન લોરેન્સ 22 રને ક્રિઝ પર હતા.

પાકિસ્તાન પ્રથમ દાવ	રન	બોલ	4	6
અયૈસ LB બો.રોબિન્સન	0	1	0	0
ઇમામ કો.બ્રુક બો.ટંગ	42	74	6	0
મસૂદ LB બો.રોબિન્સન	5	20	0	0
શફીક બો.રોબિન્સન	61	104	8	0
શકીલ LB બો.રોબિન્સન	5	25	1	0
આગા બો.ટંગ	21	29	4	0
રિઝવાન LB બો.ટંગ	12	19	1	0
ઉસ્માન LB બો.ટંગ	0	1	0	0
શઝાદ કો.એટકિન્સન બો.રોબિન્સન	14	12	3	0
અબ્બાસ બો.ટંગ	2	5	0	0
અલી નોટઆઉટ	0	0	0	0
વધારાના	9			
કુલ (48.1 ઓવરમાં ઓલઆઉટ)	171			

વિકેટપતન : 1-0, 2-6, 3-97, 4-117, 5-118, 6-150, 7-150, 8-159, 9-171, 10-171

બોલિંગ	O	M	R	W
ઓલિ રોબિન્સન	18	3	51	5
જોફ્રા આર્ચર	9	4	26	0
ગસ એટકિન્સન	12	1	40	0
જોશ ટંગ	9.1	0	46	5

ઈંગ્લેન્ડ પ્રથમ દાવ	રન	બોલ	4	6
ડકેટ LB બો.અબ્બાસ	15	28	0	0
એમેલિયો કો.આગા બો.અલી	33	31	7	0
કોક્સ કો.રિઝવાન બો.ઉસ્માન	73	100	14	0
રૂટ LB બો.ખુર્રમ	66	112	10	0
બ્રુક રમતમાં	15	23	2	0
લોરેન્સ રમતમાં	22	33	4	0
વધારાના	15			
કુલ (54 ઓવરમાં ચાર વિકેટે)	239			

વિકેટપતન : 1-36, 2-48, 3-198, 4-202

બોલિંગ	O	M	R	W
મહેમદ અબ્બાસ	18	5	54	1
ખુર્રમ શહઝાદ	15	1	82	1
મહેમદ અલી	12	1	53	1
અલી ઉસ્માન	9	0	38	1

જો રૂટ WTCમાં કેપ્ટન તરીકે 3000 રન કરનારો પહેલો ખેલાડી, અર્ધસદી મામલે સચિનના રેકોર્ડની બરાબરી

હેડિંગ્લે, તા. 20 : અહીં રમાઇ રહેલી પાકિસ્તાન સામેની પ્રથમ ટેસ્ટના બીજા દિવસે ઈંગ્લેન્ડના દિગ્ગજ બેટ્સમેન જો રૂટે એક સાથે બે રેકર્ડમાં નામ લખાવીને ઇતિહાસ રચ્યો. રૂટ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના ઇતિહાસમાં કેપ્ટન તરીકે 3,000 રન બનાવનાર પ્રથમ ખેલાડી બન્યો અને તેની સાથે જ તેણે અર્ધસદી મામલે દિગ્ગજ બેટ્સમેન સચિન તેંદુલકરના રેકોર્ડની પણ બરાબરી કરી. તેણે આ ટેસ્ટમાં અડધી સદી ફટકારી જે તેની કેરિયરની 68મી અર્ધસદી હતી અને ટેસ્ટ ક્રિકેટમાં સર્વાધિક 68 અર્ધસદીના સચિનના રેકોર્ડની બરાબરી કરી હતી. આ ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કર્યા પછી, જો રૂટ હવે પોન્ટિંગનો ઘરઆંગણે સૌથી વધુ ટેસ્ટ રનનો રેકોર્ડ તોડવાનો લક્ષ્યાંક ધરાવે છે. પોન્ટિંગે ઓસ્ટ્રેલિયામાં 92 ટેસ્ટમાં 7,578 રન બનાવ્યા છે, જ્યારે રૂટનો સ્થાનિક રનનો કુલ સ્કોર પણ 7,542 પર પહોંચી ગયો છે.

WTCમાં કેપ્ટન તરીકે સૌથી વધુ રન

ખેલાડી	દેશ	મેચ	રન	100	50
જો રૂટ	ઈંગ્લેન્ડ	34	3000	8	13
બેન સ્ટોક્સ	ઈંગ્લેન્ડ	40	2182	3	11
દિમુથ કરુણારત્ને	શ્રીલંકા	24	2160	6	12
ક્રેગ બ્રેથવેટ	વેસ્ટ ઇન્ડીઝ	32	1994	3	12
બાબર આઝમ	પાકિસ્તાન	20	1918	4	13

ટેસ્ટ ક્રિકેટમાં સર્વાધિક અર્ધસદી

ખેલાડી	દેશ	મેચ	કુલ રન	અર્ધસદી
સચિન તેંદુલકર	ભારત	200	15921	68
જો રૂટ	ઈંગ્લેન્ડ	167	14180	68
જેક કાલિસ	દ.આફ્રિકા	166	13289	58
રિકી પોન્ટીંગ	ઓસ્ટ્રેલિયા	168	13378	62
રાહુલ દ્રવિડ	ભારત	164	13288	63

બીજી ટેસ્ટમાં કુલદીપને સ્થાને સારાંશનો સમાવેશ થવાની સંભાવના

પ્રથમ ટેસ્ટમાં કુલદીપને જે પણ તક મળી તેનો તે લાભ ઉઠાવી ન શક્યો તેણે ઝડપેલી એકમાત્ર વિકેટ પણ ગીલના શાનદાર કેચથી મળી હતી

કોલંબો, 20 ઓગસ્ટ (પીટીઆઈ) : પાંચમા દિવસે ગોલ સ્ટેડિયમની પિચ સ્પિન બોલિંગ માટે સારી હતી છતાં કુલદીપ યાદવ તેનો લાભ ઉઠાવી શક્યો નહોતો અને 11 ઓવરમાં 38 રન આપીને તે વિકેટ મેળવી શક્યો નહોતો. મેચમાં રવિન્દ્ર જાડેજા અને માનવ સુથારે સારી બોલિંગ કરી. તેમણે મળીને 46.4 ઓવર ફેંકી અને 14 વિકેટ ઝડપી.

કુલદીપના ખરાબ પ્રદર્શન માટે કેપ્ટન કે ટીમ મેનેજમેન્ટ પર દોષારોપણ કરવું સહેલું છે કારણ કે તેમણે તેના પર પૂરતો વિશ્વાસ દર્શાવ્યો ન હતો. જો કે બીજી ઇનિંગમાં તેને મળેલી 11 ઓવરમાં પણ, તેણે સારું પ્રદર્શન કર્યું ન હતું. પહેલી ઇનિંગમાં પણ કુલદીપે કમિન્દુ મેન્ડિસની એકમાત્ર વિકેટ લીધી, જેમાં શુભમન ગિલના શાનદાર કેચે મોટી ભૂમિકા ભજવી. હવે એવું માનવામાં આવી રહ્યું છે કે બીજી ટેસ્ટમાં કુલદીપનું સ્થાન ઓફ સ્પિનર સરાંશ જૈન લઈ શકે છે. શ્રીલંકામાં ઘણા ડાબોડી બેટ્સમેન છે, તેથી ઓફ સ્પિન તેમની સામે ઉપયોગી સાબિત થઈ શકે છે.

ભારતની મિક્ષ્ડ વિકલાંગ ટીમ લોર્ડ્સની બાલ્કનીમાં ગાંગુલી જેવી ઉજવણી કરી

ભારતની મિક્ષ્ડ વિકલાંગ ટીમે ઈંગ્લેન્ડને 118 રનથી હરાવી સાત મેચની સીરિઝ 4-3થી જીતી

લંડન, તા. 20 : ભારતની મિક્ષ્ડ વિકલાંગતા ક્રિકેટ ટીમે લોર્ડ્સના ઐતિહાસિક મેદાન પર જીત મેળવીને 2002ના સૌરવ ગાંગુલીના પ્રસિદ્ધ ટી-શર્ટ લહેરાવીને વિજયની ઉજવણી કરવાની ક્ષણની યાદ તાજી કરાવી હતી. બુધવારે લંડનમાં રમાયેલી મિક્ષ્ડ વિકલાંગતા સીરિઝની સાતમી અને અંતિમ ટી-20I મેચમાં ભારતે ઈંગ્લેન્ડને 118 રનથી હરાવી સાત મેચની સીરિઝ 4-3થી જીતી હતી.

મેચ પછી, ભારતીય ખેલાડીઓ અને અધિકારીઓ લોર્ડ્સની બાલ્કનીમાં ગયા, તેમના બ્લેઝર ઉતાર્યા અને ત્રિરંગો સાથે ઉજવણી કરી, 24 વર્ષ પહેલાં આ જ સ્થળે નેટવેસ્ટ ટ્રોફીની ફાઈનલમાં ભારતે ઈંગ્લેન્ડને હરાવ્યા પછી ગાંગુલીની પ્રસિદ્ધ ઉજવણીની યાદો તાજી કરી. ડિફરન્ટલી એબલ્ડ ક્રિકેટ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (DCCI) દ્વારા શેર કરાયેલા એક વીડિયોમાં ખેલાડીઓ બાલ્કનીમાં ઉજવણી કરતા જોવા મળ્યા હતા, જેની તસવીરો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહી છે.

મિક્ષ્ડ વિકલાંગતા ક્રિકેટ શું છે?

મિક્ષ્ડ વિકલાંગ ફોર્મેટ શારીરિક, શ્રવણ અને શીખવાની અક્ષમતાઓ સહિત વિવિધ વિકલાંગતાઓ ધરાવતા ક્રિકેટરોને એકસાથે લાવે છે, જેનાથી વિવિધ ક્ષમતાઓ ધરાવતા ખેલાડીઓ એકસાથે સ્પર્ધા કરી શકે છે.

મેક્સ વર્સ્ટેપેને રેડ બુલ સાથેનો F1 કોન્ટ્રાક્ટ 2030 સુધી લંબાવતા અટકળોનો અંત

ઝાંડવોર્ટ, તા. 20 (AP) : ચાર વખતના ફોર્મ્યુલા 1 ચેમ્પિયન મેક્સ વર્સ્ટેપેને રેડ બુલ સાથેનો તેનો કોન્ટ્રાક્ટ 2030 સુધી લંબાવ્યો હોવાની તેણે અને ટીમ દ્વારા ગુરુવારે જાહેરાત કરવામાં આવી હતી. આ આ અઠવાડિયે વર્સ્ટેપેનના હોમ ડચ ગ્રાન્ડ પ્રિક્સ પહેલાં કરાયેલી આ જાહેરાતે એવી અટકળોનો અંત આણ્યો છે કે તે અન્ય ટીમમાં બહુચર્ચિત ટ્રાન્સફર મેળવી શકે છે. આ સીઝનમાં રેડ બુલ અગ્રણી ટીમ મર્સિડીઝની ગતિ સાથે મેળ બેસાડવામાં સંઘર્ષ કરી રહી હોવા છતાં આ નિર્ણય લેવાયો છે.

'ટ્રોફી ચોર' નકવી ફરી આગામી મહિલા એશિયા કપમાં અસમંજસની સ્થિતિ સર્જશે

દુબઇમાં આવતા અઠવાડિયાથી યોજાનારા મહિલા એશિયા કપનો એવોર્ડ વિતરણ સમારોહ ફરી અસ્વસ્થાભરી સ્થિતિ ઊભી કરશે

ભારતીય મહિલા ટીમ એશિયા કપ જીતશે તો ટ્રોફી વિતરણમાં ફરી નકવી સ્ટેજ પર આવશે અને ફરી મૂંઝવણની સ્થિતિ સર્જાશે

નવી દિલ્હી, તા. 20 (PTI) : આવતા અઠવાડિયાથી દુબઈમાં યોજાનારા વિમેન્સ એશિયા કપમાં જો ભારતીય ટીમ ફાઈનલમાં પહોંચીને ચેમ્પિયન બનશે તો ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડ (બીસીસીઆઈ) માટે એવોર્ડ વિતરણ સમારોહ દરમિયાન અસ્વસ્થતાભરી સ્થિતિ સર્જાઈ શકે છે. આનું કારણ એ છે કે એશિયન ક્રિકેટ કાઉન્સિલ (એસીસી)ના પ્રમુખ તરીકે પાકિસ્તાનના મોહસિન નકવી ફરી એકવાર ટ્રોફી એનાયત કરવા માટે સ્ટેજ પર હાજર હોઈ શકે છે.

પહલગામમાં થયેલા આતંકી હુમલા અને ત્યારબાદ બંને દેશો વચ્ચે સર્જાયેલા સૈન્ય તણાવને કારણે ભારતીય પુરુષ ક્રિકેટ ટીમે ગયા વર્ષે નક્વીના હસ્તે એશિયા કપની ટ્રોફી સ્વીકારવાનો ઇનકાર કરી દીધો હતો. આથી નાક્વી ટ્રોફી લઈને ચાલ્યા ગયા હતા, જે ટ્રોફી હજુ સુધી ચેમ્પિયન બનેલી ભારતીય ટીમને સોંપવામાં આવી નથી. મહિલાઓની આ ખંડિય ટૂર્નામેન્ટ ૨૮ ઓગસ્ટથી ૧૩ સપ્ટેમ્બર દરમિયાન યોજાશે.

ભારત અને પાકિસ્તાનને એક જ ગ્રૂપમાં રાખવામાં આવ્યા છે, અને તેમની વચ્ચે લીગ સ્ટેજની મેચ પાંચમી સપ્ટેમ્બરે રમાવાની છે. પરંતુ પુરુષોના એશિયા કપથી વિપરીત, મહિલાઓની આ ટૂર્નામેન્ટમાં ફાઈનલ પહેલાં ભારત અને પાકિસ્તાન વચ્ચે એકથી વધુ મેચો રમાવાની શક્યતા નથી. હવે મુખ્ય સવાલ એ ઊભો થાય છે કે જો હરમાનપ્રીત કૌરના નેતૃત્વ હેઠળની ભારતીય ટીમ વિમેન્સ એશિયા કપ જીતે છે અને નક્વી પ્રેઝન્ટેશન સ્ટેજ પર હાજર હોય, તો શું થશે?

બેડમિન્ટન વર્લ્ડ : સિંધુ, આયુષ હાર્યા, ત્રિસા-ગાયત્રી ક્વાર્ટર ફાઈનલમાં

ત્રિશા-ગાયત્રીની બિનક્રમાંકિત જોડીએ જાપાનની સાતમી ક્રમાંકિત રિન-કેઇની જોડીને હરાવી

આયુષ ઇન્ડોનેશિયાના ફરહાન સામે અને સિંધુ ચીનની વાંગ સામે હારતા સિંગલ્સમાં ભારતીય પડકારનો અંત

નવી દિલ્હી, તા. 20 (પીટીઆઈ) : ગુરુવારે વર્લ્ડ બેડમિન્ટન ચેમ્પિયનશિપમાં પીવી સિંધુ અને આયુષ શેટ્ટી પોતપોતાના પ્રી-ક્વાર્ટર ફાઇનલ મેચ હારવાથી સ્પર્ધાના સિંગલ્સ કેટેગરીમાં દેશનું અભિયાન સમાપ્ત થતા ભારતને મોટો ઝટકો લાગ્યો. જો કે આ પહેલા મહિલા ડબલ્સમાં ત્રિશા અને ગાયત્રીની બિનક્રમાંકિત ભારતીય જોડીએ એકતરફી મેચમાં રિન અને નાકાનિશીની વિશ્વની સાતમી ક્રમાંકિત જોડીને 21-16, 21-12 થી હરાવીને ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો.

વિશ્વની ત્રીજા ક્રમાંકની ચીનની વાંગ ઝીયી સામે એક કઠિન મહિલા સિંગલ્સ મેચમાં 11-21, 21-15, 17-21થી હારવાની સાથે સિંધુનું રેકોર્ડ છઠ્ઠી વર્લ્ડ ચેમ્પિયનશિપ મેડલ જીતવાનું સ્વપ્ન ત્યારે ચકનાચૂર થઈ ગયું. શરૂઆતના રાઉન્ડમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન અને વિશ્વ નંબર વન ચીનના શી યુ ક્વિને હરાવીને અપસેટ સર્જનારા શેટ્ટીએ વિશ્વ નંબર 12 ફરહાન સામે 21-19, 21-11થી હારનો સામનો કરવો પડ્યો.

યુએસ ઓપન ટેનિસમાં સિંગલ્સ ચેમ્પિયન્સને રેકોર્ડ 55 લાખ ડોલર મળશે

વર્ષની અંતિમ મેજર ટૂર્નામેન્ટ માટે કુલ ખેલાડી વળતર 20% વધીને રેકોર્ડ 108 મિલિયન ડોલર થઈ ગયું

ન્યૂયોર્ક, 20 ઓગસ્ટ (એપી): યુએસ ઓપન સિંગલ્સના વિજેતાઓને 55 લાખ ડોલર મળશે, જે ગ્રાન્ડ સ્લેમ ટેનિસના ઇતિહાસમાં સૌથી વધુ ઇનામી રકમ છે.

વર્ષની આ અંતિમ મેજર ટૂર્નામેન્ટ માટે કુલ ખેલાડી વળતર વધીને રેકોર્ડ $108 મિલિયન થઈ ગયું છે, જે ગયા વર્ષ કરતાં 20% વધારો અને 2024 થી 44% નો ઉછાળો દર્શાવે છે. આ નાણાકીય વિગતો ગુરુવારે યુ.એસ. ટેનિસ એસોસિએશન (USTA) દ્વારા જાહેર કરવામાં આવી હતી, જ્યારે આવતા સપ્તાહે રમત શરૂ થવાની છે.

128-ખેલાડીઓના સિંગલ્સ મુખ્ય ડ્રોમાં સ્થાન મેળવવા માત્ર માટે જ ખેલાડીઓ 1,40,000 ડોલર કમાશે, જે ટેનિસ ઇતિહાસમાં સૌથી વધુ છે. ક્વાર્ટર ફાઇનલિસ્ટને 7,80,000 ડોલર, સેમિફાઇનલિસ્ટને 1.45 મિલિયન ડોલર અને રનર-અપને 28 લાખ ડોલર મળશે. ચેમ્પિયન્સનો ચેક ગયા વર્ષે આર્યના સબાલેન્કા અને કાર્લોસ અલ્કારાઝે જીતેલા 5 લાખ ડોલરથી વધુ છે, તે સમયે કુલ ખેલાડી વળતર 90 મિલિયન ડોલર હતું.

આજનું પંચાંગ

તા. 21/08/2026, શુક્રવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1948
વીર સંવત : 2552 **માસ :** શ્રાવણ
તિથિ: સુદ: નોમ: 23:37, જીવંતિકા પૂજન
અયન : દક્ષિણાયન **ઋતુ :** વર્ષા
રાષ્ટ્રિય દિનાંક : શ્રાવણ: 30
યોગ : વૈધૃતિ **કરણ:** બાવલ
નક્ષત્ર : અનુરાધા: 11:53 પછી જન્મેલાની જ્યેષ્ઠાની શાંતિ કરાવવી.
રાશિ: વૃશ્ચિક (ન,ય)
દિવસ : અશુભ - શ્રી હરિ જયંતી, બગીચા નોમ, વરદલક્ષ્મી વ્રત.
સુરતમાં સૂર્યોદય : 06:20 **સુરતમાં સૂર્યાસ્ત** : 19:03
નવકારસી : 07:08
પારસી વર્ષ : 1396 ફરવરદીન માસનો 7મો રોજ
મુસલમાન વર્ષ : 1448 રબિઉલ અવલ માસનો 7મો રોજ
દિવસનાં ચોઘડિયાં: ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ
રાત્રિનાં ચોઘડિયાં: રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ
રાહુકાળ : સવારે 10:30 થી 12:00 સુધી

મેષ (અ,લ,ઇ,): જીવનસાથીના આરોગ્યની ચિંતા સતાવે. બહારના કામમાં વડીલોનો સાથ મળે. અચાનક નવી તક મળે.
વૃષભ (બ,વ,ઉ,): દાંપત્ય જીવન રંગીન રહેશે. પ્રેમ-વિવાહમાં મદદ મળે. સમાજ જીવનમાં પ્રતિષ્ઠા વધે. રોજની આવક વધે.
મિથુન (ક,છ,ઘ,): સરકારી કામમાં મદદ મળે. બેંકનાં કામમાં ધીરજ રાખવી. હરીફોથી સાવધાન રહેવું. નવા કામની તક મળે.
કર્ક (ડ,હ,): પ્રેમમાં આત્મવિશ્વાસ વધે. નવા મિત્રોથી સાવધાન. સંતાન-જીવન સાથીના કામમાં પ્રગતિ થાય. આવક વધે.

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

સિંહ (મ,ટ,): ઘરમાં અવર-જવર વધશે. નોકરી-ધંધાર્થે પ્રવાસ થાય. સરકારી યોજનાનો લાભ મળે.
કન્યા (પ,ઠ,ણ,): ઉત્સાહજનક સમાચાર મળે. પ્રવાસ અને ટેકનોલોજીના કામમાં પ્રગતિ. દલાલીની આવક વધે.
તુલા (ર,ત,): પારિવારિક ધંધા, ખાણી, પીણી, મોજ-શોખ અને બૌદ્ધિક કાર્યમાં આવક વધે. નવી તક મળે.
વૃશ્ચિક (ન,ય,): મન અતિ ચંચળ અને અસ્થિર રહે. ઘરનાં કામનો બોજ વધે. મિત્રો સાથે વિવાદથી અશાંતિ વધે.
ધન (ભ,ધ,ફ,ઢ,): ધાર્મિક પ્રવાસ થાય. સમાજ સેવાથી શાંતિ મળે. સરકારી કામ કોર્ટ, કચેરીમાં મદદ મળે.
મકર (ખ,જ,): મિત્રોની મદદ સામાજિક કામથી શાંતિ મળે. સંતાનોના પ્રશ્નો સતાવે. શેર બજારના કામમાં ધીરજ રાખવી.
કુંભ (ગ,સ,શ,ષ,): આવક વધારવાની યોજના પાર પડે. સામાજિક કાર્યોથી માન વધે. અચાનક શુભ સમાચાર મળે.
મીન (દ,ચ,ઝ,થ,): વિદ્યાભ્યાસ, વિદેશ પ્રવાસ ધાર્મિક સાહિત્યને લગતા કામમાં ભાગ્યનો સાથ મળે.

કોઈ પણ સાલમાં 21 ઓગસ્ટે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવુ વર્ષ નવી તકો ઊભી કરનાર રહેશે. ચાલુ નોકરીમાં પ્રગતિ, ટેકનોલોજીનો લાભ અને નવા ફેરફાર સાથે જવાબદારી વધશે. સમાજમાં માન વધે. ઉમર લાયકના વિવાહ થાય. આર્થિક બાબતે પ્રગતિ અને ઉઘરાણી આવવાથી નવા રોકાણ સરળ બને. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં પ્રગતિ થાય. વિદેશના કામ પાર પડે. પ્રેમ ઉઘરાણી આવવાથી નવા રોકાણ સરળ બને. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં પ્રગતિ થાય. વિદેશનો કામ પાર પડે. આવક વધારવાની યોજનામાં મિત્રોનો સાથ મળ